GJNV010031352025

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૧૮–૧૧–૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | : | ૧૮–૧૧–૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | : | ૨૪–૦૬–૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૭ | ૦૬ |

**આંક–૫૮**

# FORM - A

## નવસારી જીલ્લાના મે.સ્પેશ્યલ જજ એન્ડ એડિ.ડિસ્ટ્રીક એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નવસારી,જી.નવસારી.

ચિન્મય જી.મહેતા, સ્પેશ્યલ (પોકસો) જજ, એન્ડ એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રી, નવસારી.

(ચુકાદાની તા.૨૪/૦૬/૨૦૨૬)

**સ્પે.પોકસો કેસ નં.૧૯/૨૦૨૫**

| એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો પોલીસ સ્ટેશન | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | ખેરગામ પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૫૦૬૬૩/૨૦૨૫ |
| **ગુન્હો** | બી.એન.એસ.કલમ–૭૪, ૧૧૫(૨),૩૫૨ તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ(પોકસો) એકટ કલમ–૧૨ મુજબ |
| **તહોમતનામાં મુજબ તહોમત** | બી.એન.એસ.કલમ–૭૪, ૧૧૫(૨),૩૫૨ તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ(પોકસો) એકટ કલમ–૧૨,૧૮ મુજબ |
| **ફરિયાદી** | શ્રી સરકાર(સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદીઃ–ભોગ બનનારની માતા) |
| **વિ.એ.પી.પી.શ્રી** | બી.જી.ગુપ્તા |
| **આરોપી:–** | **હેમંતભાઇ સ/ઓ અશોકભાઇ નાનુભાઇ નાયકા પટેલ**<br>ઉ.વ.આ.૨૨, ધંધો– ખેતી,<br>રહે. વાડ રાંધા, ડુંગર ફળીયા, તા.ખેરગામ, જી.નવસારી. |
| **આરોપીપક્ષે વિ.વ.શ્રી** | વી.એ.નાયક |

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૦૪–૧૦–૨૦૨૫ |
| ફરિયાદની તારીખઃ– | ૦૫–૧૦–૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખઃ– | ૧૮–૧૧–૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખઃ– | ૨૭–૦૫–૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખઃ– | ૦૨–૦૬–૨૦૨૬ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ– | – |
| ચુકાદાની તારીખઃ– | ૨૪–૦૬–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો, | – |

## આરોપીની વિગતઃ–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હેમંતભાઇ અશોકભાઇ નાયકા પટેલ | ૦૫/૧૦/૨૦૨૫ | ૧૫/૧૦/૨૦૨૫ | બી.એન.એસ. કલમ–૭૪, ૧૧૫(૨),૩૫૨ તથા જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (પોકસો) એકટ કલમ–૧૨,૧૮ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે | – | – |

## FORM - C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ, અને કોર્ટનાં સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

#### ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ભોગ બનનાર | ભોગ બનનાર | ૦૭ |
| ૨ | ફરીયાદી | ભોગ બનનારની માતા | ૧૧ |
| ૩ | સાહેદ | ભોગ બનનારના પિતા | ૧૩ |
| ૪ | ડો.અંકુર ઝવેરભાઇ પટેલ | ડોકટર સાહેદ | ૨૧ |
| ૫ | ડો.જાનવી હરેશભાઇ ગોધાણી | ડોકટર સાહેદ | ૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ડો.વિપુલભાઇ કરસનભાઇ પટેલ | ડોકટર સાહેદ | ૩૨ |
| ૭ | પિનલબેન દેવજીભાઇ ચૌધરી | ત.ક.અ. | ૩૮ |

## (બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે અંકિ પડેલા દસ્તાવેજી પુરાવાઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | શાળા છોડયાનું પ્રમાણપત્ર | ૦૮ |
| ૨ | બી.એન.એસ.કલમ–૧૮૩ મુજબનું નિવેદન તથા રવાનગી પત્ર | ૦૯ |
| ૩ | પ્રમાણપત્ર તથા સ્ક્રીનશોટ સંયુકત | ૧૦ |
| ૪ | ફરીયાદ | ૧૨ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |
| ૬ | ભોગ બનનારનાં બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૧૫ |
| ૭ | અટક પંચનામું | ૧૬ |
| ૮ | ભોગ બનનારનું જન્મના દાખલાની પ્રમાણિત નકલ મળવા કરેલ યાદી | ૧૭ |
| ૯ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર | ૧૮ |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી આપવા કરેલ યાદી | ૧૯ |
| ૧૧ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૨૦ |
| ૧૨ | ઉંમરની ચકાસણી માટે જી.એમ.ઇ.આર.એસ. ફેર બદલી ફોર્મ | ૨૨ |
| ૧૩ | ભોગ બનનારનું ઓ.પી.ડી.કેસ નં.૨૦૨૫૦૧૦૦૫૩૩ | ૨૩ |
| ૧૪ | ભોગ બનનારના કોણીના જોઇન્ટ એકસરે | ૨૪ |
| ૧૫ | ભોગ બનનારનું એમ.એલ.સી.૬૫૫૫/૨૦૨૫ | ૨૫ |
| ૧૬ | ખેરગામ પોલીસ દ્ધારા ભોગબનનારની શારીરીક તપાસણી કરવા કરેલ યાદી | ૨૭ |
| ૧૭ | ભોગ બનનારનો ઓ.પી.ડી.કેસ નં.૨૦૨૫૦૦૨૯૪૦૦ | ૨૮ |
| ૧૮ | ભોગ બનનારનું એમ.એલ.સી.નં.૭૪૩/૨૦૨૫ | ૨૯ |
| ૧૯ | સેમ્પલો એફ.એસ.એલ.માં મોકલવા કરેલ યાદી | ૩૦ |

| | | |
|---|---|---|
| ૨૦ | ભોગબનનારની ઉંમરની ચકાસણી કરવા વલસાડ હોસ્પિટલને કરેલ યાદી | ૩૧ |
| ૨૧ | આરોપીની મેડીકલ ચકાસણી કરવા કરેલ યાદી | ૩૩ |
| ૨૨ | આરોપીનો ઓ.પી.ડી.કેસ નં.૪૧૭ | ૩૪ |
| ૨૩ | આરોપીના લીધેલ સેમ્પલો એફ.એસ.એલ.ને મોકલવા કરેલ યાદી | ૩૫ |
| ૨૪ | આરોપીનું એમ.એલ.સી.નં.૩૮૨/૨૦૨૫ | ૩૬ |
| ૨૫ | આરોપીનો બ્લડ રીપોર્ટ | ૩૭ |
| ૨૬ | સરકારી પંચો મેળવવા ડી.જી.વી.સી.એલ.ને કરેલ યાદી | ૩૯ |
| ૨૭ | ભોગ બનનારની શારીરીક તપાસણી સારૂ મેડી.ઓફિસર,ખેરગામને કરેલ યાદી | ૪૦ |
| ૨૮ | ભોગબનનારનું મેડીકલ કરાવતા પહેલા ભોગ બનનારનું મેળવેલ સંમતિપત્રક | ૪૧ |
| ૨૯ | ભોગબનનારનું મેડીકલ કરાવતા પહેલા તેની માતાનું મેળવેલ સંમતિપત્રક | ૪૨ |
| ૩૦ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ મુજબનું નિવેદન લેવા માટે મેળવેલ ભોગ બનનારનું સંમતિપત્રક | ૪૩ |
| ૩૧ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ મુજબનું નિવેદન લેવા માટે મેળવેલ ભોગ બનનારની માતાનું સંમતિપત્રક | ૪૪ |
| ૩૨ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ મુજબનું નિવેદન નોંધવા માટે કરેલ યાદી | ૪૫ |
| ૩૩ | ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર મેળવવા કરેલ યાદી | ૪૬ |
| ૩૪ | એફ.એસ.એલ.અધિકારીને સ્થળ પરીક્ષણ કરવા માટે કરેલ યાદી | ૪૭ |
| ૩૫ | એફ.એસ.એલ.અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૪૮ |
| ૩૬ | કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.સુરત ખાતે મોકલેલ રવાનગી પત્રક | ૪૯ |
| ૩૭ | મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે પહોંચી ગયાની પહોંચ | ૫૦ |
| ૩૮ | મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે પહોંચી ગયાની પહોંચ | ૫૧ |
| ૩૯ | મુદ્દામાલ પૃથ્થકરણ થયા બાદ આવેલ બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ | ૫૨ |
| ૪૦ | મુદ્દામાલ પૃથ્થકરણ થયા બાદ પત્ર સાથે એકઝામીનેશન રીપોર્ટ તથા કલમ-૬૩(૪)(સી)મુજબનું સર્ટી.હેઝ વેલ્યુ સાથે તથા બંધ કવરમાં આવેલ પેન ડ્રાઇવ | ૫૩ |

## બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## <u>મુદ્દામાલની વિગત</u>

**મુદ્દામાલ પાવતી નં.૮૭,૮૮,૮૯,૯૦/૨૦૨૫,તા.૦૫/૧૦/૨૦૨૫**

| અ.નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક સફેદ કલરની લાંબી બાયવાળી કુર્તી |
| ૨ | ૨ | એક પિંક કલરનો ઘુંટણના ભાગે ખિસ્સાવાળો તેમજ કમ્મરે કાળા કલરનાં નાકાવાળુ પેન્ટ |
| ૩ | ૩ | એક લાલ કલરની નીકર |
| ૪ | ૪ | એક પિંક કલરની બ્રા |
| ૫ | ૫ | એક સફેદ, ગ્રે, બ્રાઉન કલરની ડિઝાઇનવાળી ટી–શર્ટ |
| ૬ | ૬ | એક કાળા કલરનું જીન્સ પેન્ટ |
| ૭ | ૭ | એક ગ્રે કલરનો realme કંપનીઓ મોબાઇલ ફોન |
| ૮ | ૮ | એક મેટ બ્લેક કલરની સુઝુકી કંપનીની ACCESS 125 RC મો.સા.રજી.નં.GJ–21–DF–3422 |

## <u>–::– ચુ કા દો –::–</u>

**(૧)** આ કામનાં આરોપી વિરૂધ્ધ આંક–૦૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૭૪, ૧૧૫(૨), ૩૫૨ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ, ૨૦૧૨ (હવે પછી ટુંકમાં પોકસો એકટ તરીકે ચુકાદામાં ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૧૨, ૧૮ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** પોકસો એકટની કલમ–૩૩(૭) ની જોગવાઈઓ તથા નામદાર સર્વોચ્ચ અદાલતે **નિપુન સકસેના વિ.યુનિયન ઓફ ઈન્ડીયા–૨૦૧૯(૨), એસસીસી,૭૦૩** નાં કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ માર્ગદર્શક સિધ્ધાંત મુજબ ભોગ બનનારની ઓળખ જાહેર ન થાય તે માટે ચુકાદામાં તેનું નામ અને વર્ણન દર્શાવવામાં આવેલ નથી અને તેને બદલે માત્ર ‘ ભોગ બનનાર’ તરીકે જ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**(૩)** સદર કામની ફરિયાદ ભોગ બનનારની માતાએ તા.૦૫/૧૦/૨૦૨૫ નાં રોજ નોંધાવેલી જેની ટુંકમાં હકીકત એવી છે કે, સવારનાં સાડા આઠેક વાગ્યાનાં સુમારે તેઓ તથા તેમના પતિ તથા તેમની ભોગ બનનાર દીકરી તથા નાનો દીકરો વૈભવનાઓ સાથે ઘરે હાજર હતા અને તેમનો મોટો દીકરો રાહુલ વલસાડ ગુંદલાવ કંપનીમાં મજુરી કામે ગયેલ હતો અને તેમની ભોગ બનનાર દીકરી સવારનાં પોણા નવેક વાગ્યે ખેરગામ કોલેજમાં જવા માટે નીકળી ગયેલ હતી અને બપોરના આશરે એકાદ વાગ્યે કોલેજમાંથી ઘરે પરત આવી જતી હતી પરંતુ

તેમની છોકરી ઘરે આવેલ ન હતી અને તેઓ તેમના ઘરે તેમના પતિ સાથે હાજર હતા તે વખતે બપોરનાં આશરે બે–એક વાગ્યાનાં સુમારે તેમના મોટા દીકરા રાહુલે ઘરના મોબાઇલ ફોન ઉપર ફોન કરીને જણાવેલ કે, ભોગ બનનારે તેને વાત કરેલ કે, વાડ ગામે રહેતા હેમંત નામના છોકરાએ બપોરનાં સવા બારેક વાગ્યાનાં સુમારે ભોગ બનનાર ખેરગામ કોલેજના મેઇન ગેટ પાસે ઘરે આવવા માટે બસની રાહ જોતી હતી તે વખતે તેની પાસે આવી તેની એકસેસ મોપેડ મો.સા.ઉપર ઘરે મુકી આવીશ તેમ કહી બેસાડી લઇ તેણીને પોણા એકાદ વાગ્યાનાં સુમારે વાવ ગામે ક્રિકેટ મેદાનની ઝાડી ઝાંખરામાં લઇ જઇ જબરજસ્તીથી છેડતી કરી હેમંત તેની એકસેસ મોપેડ મો.સા.લઇને ભાગી ગયેલ છે. જેથી ઘરે મમ્મી પપ્પાને આ બનાની વાત કરી વાવ ગામે મેઇન રોડ ઉપર મોકલો તેમ કહેતા તેઓ તથા તેમના પતિ સાથે તેઓ વાવ ગામે તેમની ભોગ બનનાર દીકરી પાસે ગયેલા અને તેમની દીકરીને તેની સાથે બનેલ બનાવ બાબતે પુછતા ભોગબનનારે જણાવેલ કે, સવારનાં આશરે સાડા અગિયારેક વાગ્યાનાં સુમારે કોલેજમાં તેમનો અભ્યાસ પુર્ણ કરી કોલેજના મેઇન ગેટ ઉપર ઘરે આવવા માટે તેઓ તથા તેમની મિત્ર પ્રિયાંશી સાથે બસની રાહ જોતા હતા તે દરમ્યાન બપોરનાં સવા બારેક વાગ્યાનાં સુમારે તેમના ઓળખીતા વાડ ગામે રહેતા હેમંતભાઇ અશોકભાઇ ના.પટેલનાઓ તેમની એકસેસ મોપેડ મો.સા.લઇને તેઓ જયાં ઉભા રહી તેમના મોબાઇલ ફોનમાં જોતા હતા તે વખતે તેમની પાસે આવી મોપેડ મો.સા.ઉપરથી નીચે ઉતરી તેઓને જણાવેલ કે હું તારા ઘર બાજુ જવાનો છુ તો મારી સાથે મારી મોપેડ મો.સા.ઉપર બેસી જાઓ હું તમોને ઘરે ઉતારી દઇશ તેમ તેઓને કહેતા તેઓએ ના પાડી જેથી તેણીનો મોબાઇલ ફોન તેણે લઇ લીધેલ જેથી તેણીએ તેની પાસે તેણીનો ફોન માંગવા છતા તેણીને આપેલ નહી જેથી તેણી મો.સા.ઉપર બેસી ગયેલ તે વખતે આ હેમંતભાઇનાઓ બીજા રસ્તે જતા હોય જેથી તેને કહેલ કે તે તેમને તેના ઘર તરફ જતા રસ્તે કેમ નથી લઇ જતા તેમ કહેતા આ હેમંતે જણાવેલ કે આ રસ્તે તમારા ઘરે જવાઇ છે. તેમ કહી તેણીને એકાંતમાં વાવ ગામે આવેલ ક્રિકેટ મેદાનના ઝાડી ઝાંખરા પાસે લઇ ગયેલ તે વખતે તેણીએ તેઓને ગાડી ઉભી રાખો તેમ કહેતા મોપેડ મો.સા. ઉભી રાખી તેણી મોપેડ મો.સા.ઉપરથી નીચે ઉતરેલ તે બપોરના પોણા એકાદ વાગ્યાનાં સુમારે આ હેમંતભાઇનાએ તેણીનો હાથ પકડી જબરજસ્તીથી ઝાડી ઝાંખરામાં એકાંતમાં લઇ જઇ તેણીની આબરૂ લેવાનાં ઇરાદે તેણીને જમીન ઉપર નીચે આડી પાડી દીધેલ અને તેણીના પેટ ઉપર બેસી જતા તેણી ગભરાઇ ગયેલ અને બુમાબુમ કરતા તેઓએ તેણીનું મોઢુ દબાવી દીધેલ અને તેણીને ગમે તેમ માં બેન સમાણી ગંદી ગાળો આપી તેણીના ગાલ ઉપર તમાચા મારેલ જેથી તેણીએ તેનું બળ વાપરી તેને વશ થયેલ નહી અને ધકકો મારી તેના હાથમાંથી છોડાવી બુમાબુમ કરી તેણી ત્યાંથી ભાગી ગયેલ જેથી હેમંતનાઓ પણ તેની એકસેસ મોપેડ

મો.સા.લઇ ભાગી ગયેલ હોવાનું તેઓને જણાવેલ. આ હેમંતભાઇ અશોકભાઇ પટેલનાએ તેમની દીકરી સગીર વયની હોવાનું જાણવા છતા તેમની ભોગ બનનાર દીકરીની આબરૂ લેવાના ઈરાદે તેમની એકસેસ મોપેડ મો.સા. ઉપર બેસાડી ઝાડ ઝાંખરામાં લઈ જઈ જમીન ઉપર આડી પાડી દઈ તેના પેટ ઉપર બેસી ગમે તેમ માં બેન સમાણી ગંદી ગાળો બોલી ગાલ ઉપર તમાચા મારેલ હોવાની ફરીયાદ ખેરગામ પોલીસ સ્ટેશનમાં આપેલી જે ફરીયાદ પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૫૦૬૬૩/૨૦૨૫ થી નોંધી લેવામાં આવેલ છે.

(૪) આ કામે ગુનો નોંધાયા બાદ ખેરગામ પોલીસ સ્ટેશન દ્વારા આ ગુનાનાં કામે જાતીય ગુનાઓમાં બાળકોને રક્ષણ આપતો અધિનિમય (પોકસો એકટ) કલમ–૧૮ મુજબનો ગુનો બનતો હોય કલમ ઉમેરો કરવા બાબતનો રીપોર્ટ કરતા ખેરગામ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ સદર રીપોર્ટ મંજુર કરેલ. ત્યારબાદ ગુનાની તપાસ દરમ્યાન ભોગ બનનારનું બી.એન.એસ. એસ.કલમ–૧૮૩ મુજબનું નિવેદન નોંધવામાં આવેલુ, પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલુ, ભોગ બનનારે તથા આરોપીએ પહેરેલ કપડા પંચો રૂબરૂ પંચનામાંની વિગતે કબજે લેવાની કાર્યવાહી કરેલી તેમજ ભોગબનનાર તથા આરોપીની મેડીકલ સારવાર કરાવી સારવારનાં પ્રમાણપત્રો મેળવેલા, સારવાર દરમ્યાન ડોકટરશ્રીએ લીધેલ ભોગબનનાર તથા આરોપીનાં મેડીકલ નમુના પંચો રૂબરૂ પંચનામાંની વિગતે કબજે કરી એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલા, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી, તપાસને અંતે આ કામનાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તપાસ કરનાર અધિકારી દ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ જે સ્પેશ્યલ પોકસો કેસ નં.૧૯/૨૦૨૫ થી નોંધી લેવામાં આવેલ છે.

(૫) સદર ગુનાનાં કામે આરોપીને બી.એન.એસ.એસ.કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલ વિનાં મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક–૦૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૭૪, ૧૧૫(૨), ૩૫૨ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ– ૧૨, ૧૮ મુજબનાં ગુના સબબ તહોમતનામું ફરમાવી, તે આરોપીને વાંચી સંભળાવી, સમજાવી આંક–૦૬ થી આરોપીનું નિવેદન લેતાં આરોપીએ ગુનો કબુલ નહિ હોવાનું જણાવતા સદર કેસની ન્યાયિક ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આરોપીએ ગુનાનાં આક્ષેપો કબુલ કરેલ ન હોઇ તેથી બી.એન.એસ.એસ.કલમ–૨૫૩ અન્વયે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોઇ ફરિયાદ પક્ષે દસ્તાવેજી અને મૌખિક પુરાવો રજુ કરવા જણાવતા ઉપરોકત ફોર્મ–સી મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

(૬) ફરીયાદ પક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક–૫૫ થી ડ્રોપીંગ પુરસીસ તથા આંક–૫૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓ વધુ કોઇ પુરાવો રજૂ કરવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે. ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. આરોપીએ ફરીયાદ પક્ષનાં પુરાવાનો ઇન્કાર કરીને, '' અમો નિર્દોષ ઇસમ છીએ અમારા ઉપર ખોટો કેસ કરી ખોટી રીતે અમારી ધરપકડ કરી ચાર્જશીટ કરેલ છે.'' તેમ જણાવેલ છે. આરોપીએ બચાવમાં સાહેદો તપાસવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે.

(૭) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી બી.જી.ગુપ્તાએ ફરીયાદપક્ષ તરફે મૌખિક અને દસ્તાવેજી પુરાવા તરફ લક્ષ દોરી દલીલ કરેલ છે કે, આ કામે ભોગ બનનાર સગીર હોવા બાબતે રજુ પુરાવા જોઇએ તો,ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર આ કામે આંક–૧૮ થી રજુ થયેલ છે તે જોતાં તેની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૯ ની દર્શાવવામાં આવેલ છે. ફરિયાદપક્ષનાં પુરાવા દરમ્યાન ભોગબનનારની જન્મ તારીખ વિષે આરોપી તરફે રજુ થયેલ પુરાવાને પડકારવામાં આવેલ નથી અને રજુ પુરાવા અંગે તેઓ તરફે કોઇ તકરાર લેવામાં આવેલ નથી. આમ, બનાવ સમયે ભોગબનનાર પોકસો એકટની જોગવાઇ મુજબ સગીર વયની હતી તે બાબત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે.

(૭.૧) વધુમાં આ કામે ભોગ બનનારનો પુરાવો તથા ફરિયાદીનો પુરાવો જોતા તેમણે ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ નથી. આમ છતા આ કામે ભોગબનનારનું નિવેદન મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ લેવાયેલ છે જે આ કામે રજુ થયેલ છે જેનાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે છે. તેમજ ભોગબનનારે ડોકટરશ્રી સમક્ષ જણાવેલ હીસ્ટ્રીની વિગતોથી પણ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન મળે છે. આમ, આ કામે રજુ થયેલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષનું નિવેદન, ડોકટરશ્રી દ્વારા રજુ થયેલ કેસ પેપર્સથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર થાય છે તેમજ આ પુરાવાને ડોકટર સાહેદ દ્વારા તથા ત.ક.અધિકારી દ્વારા સમર્થન મળેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપી સામે આક્ષેપિત ગુનો સાબિત કરવામાં સફળ રહેલ હોવાનું ઠરાવી આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

(૮) આરોપી તરફે વિ.વ.શ્રી.વી.એ.નાયકનાઓએ મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. આ કામે ફરિયાદી અને ભોગબનનાર તથા સાહેદોનાં પુરાવાને ધ્યાને લઇએ તો, તેઓએ ફરિયાદપક્ષની હકીકતોને બિલકૂલ સમર્થન આપેલ નથી. ફરિયાદી તથા ભોગબનનારનાં પુરાવા સાથે મેડીકલ સાહેદોનો તથા ત.ક. અમલદારશ્રીનો પુરાવો વંચાણે લેતા રજૂ પુરાવાને ભોગબનનાર તથા ફરિયાદીનાં પુરાવાથી

સમર્થન મળતુ નથી. ભોગબનનાર દ્વારા ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળેલ નથી આથી મેજીસ્ટ્રેટ રૂબરૂનું નિવેદન તેમજ મેડી.ઓફિસરશ્રીનાં પુરાવાનાં આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, બનાવ સમયે ભોગબનનાર સગીર વયની હતી તેવુ પુરવાર થયેલુ માનવામાં આવે તો પણ ફરિયાદપક્ષ પોતાના કેસની મુળભુત હકીકતો સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આ કામે પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ ની જોગવાઈ લાગુ પડશે નહી. આથી, આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**(૯)** બંને પક્ષકારો તરફે થયેલ દલીલો તેમજ રજુ થયેલો પુરાવો ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની બાળા હતી?

(૨) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ ફરીયાદીની ભોગબનનાર સગીર વયની દીકરીને તા.૦૪/૧૦/૨૦૨૫ નાં રોજ કલાક-૧૨:૪૫ વાગ્યે આરોપીએ પોતાની એકસેસ મોપેડ મો.સા.લઈ ખેરગામ કોલેજનાં મેઈન ગેટ પાસે ઉભેલ ત્યાં જઈ ભોગબનનારને તેની મોપેડ મો.સા. ઉપર બેસાડી ઘરે મુકવા જવાનું કહી જબર જસ્તીથી ઝાડી ઝાંખરામાં એકાંતમાં લઈ જઈ આબરૂ લેવાનાં ઈરાદે જમીન ઉપર નીચે આડી પાડી દઈ પેટ ઉપર બેસી જતા ભોગબનનાર ગભરાઈ જતા બુમાબુમ કરતા તેણીનું મોઢુ દબાવી ગમે તેમ માં બેન સમાણી ગંદી ગાળો આપી ગાલ ઉપર તમાચા મારી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૭૪,૧૧૫(૨),૩૫૨ તથા પોકસો એકટ ૨૦૧૨ ની સુધારાની કલમ-૧૨,૧૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ

**<u>-::- કા ર ણો -::-</u>**

**<u>મુદ્દા નંબર-૧</u>**

**(૧૧)** હાલનો કેસ પોક્સો એક્ટ અન્વયેનો હોય ભોગ બનનાર સગીર વયના હતા તે હકીકત ફરિયાદપક્ષે અનિવાર્યપણે સાબિત કરવાની રહે છે. પોક્સો એક્ટની કલમ-૩૩(૭) ની જોગવાઈઓ તેમજ સદરહુ કાયદાની કલમ-૨(ડી) માં બાળકની વ્યાખ્યા ૧૮ વર્ષથી નીચેની વયનુ બાળક તરીકે કરેલ છે. તે જોતા હાલના કામે બનાવ તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ બનેલ છે, ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ વખતે ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૦૬ માસ અને ૨૩ દિવસની હતી.વધુમાં **જર્નલસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા, એ.આઇ.આર. ૨૦૧૩ એસસી ૩૪૬૭** ના કેસમાં ભોગ બનનારની વય નક્કી કરવા બાબતે જે માર્ગદર્શક સિધ્ધાંતો આપ્યા છે તે ધ્યાને લેતાં તેમજ સાથે સાથે જુવેનાઇલ જસ્ટીસ એક્ટના રૂલ્સ-૧૨ મુજબ મેટ્રીકયુલેશન અથવા તેને સમકક્ષ શાળાનુ પ્રમાણપત્ર અથવા શાળામાં પ્રવેશ મેળવ્યો હોય તે અંગેનુ પ્રમાણપત્ર અથવા મ્યુનિ.કોર્પોરેશન અથવા પંચાયતમાં નોંધાયેલ પ્રમાણપત્રને જન્મ તારીખ નક્કી કરવા માટે આધારભુત પુરાવો ગણી શકાય. આ ઉપરાંત જુવેનાઇલ જસ્ટીસ એક્ટની કલમ-૯૪(૨) થી વય નક્કી કરવા માટે જોગવાઇ કરવામાં આવી છે તે મુજબ જન્મનુ પ્રમાણપત્ર અને તે ન હોય ત્યારે મ્યુનિ. કોર્પોરેશને આપેલ પ્રમાણપત્રને પ્રમાણભુત પુરાવો ગણવાની જોગવાઇ થયેલ છે અને આ માટે ઓસીફીકેશન ટેસ્ટ આવશ્યક નથી. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩૫ અધિકૃત રજીસ્ટર અથવા રેકર્ડમાં કરવામાં આવતી નોંધ અંગે છે. આ નોંધ પોતાની અધિકૃત ફરજ દરમ્યાન કરવામાં આવતી નોંધ છે જે ખાનગી હોતી નથી, આ નોંધ ફરજના ભાગ રૂપે કરવામાં આવતી હોય છે તેમાં ચોકસાઇનુ તત્વ હોય છે, આ કલમ હેઠળ આવી નોંધ પુરાવામાં પ્રસ્તુત છે અને આવો પુરાવો કોઈ હકીકતનુ અસ્તિત્વ કે બિનઅસ્તિત્વ નક્કી કરવા માટે મહત્વનો ગણાય.

**(૧૧.૧)** ફરીયાદપક્ષે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી તે પુરવાર કરવા માટે ભોગબનનારનો પુરાવો આંક-૦૭, શાળા છોડયાનું પ્રમાણપત્ર આંક-૦૮, ભોગ બનનારની માતાનો પુરાવો આંક-૧૧, ફરિયાદ આંક-૧૨, ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર આંક-૧૮ થી રજૂ છે.

**(૧૧.૨)** આ કામે આંક-૨૧ થી સાહેદ ડો.અંકુર ઝવેરભાઇ પટેલને સાહેદ નં.૪ તરીકે તપાસવામાં આવેલ છે, તેમનો પુરાવો તપાસીએ તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૬/૧૦/૨૦૨૫ નાં રોજ તેઓ તેમની ફરજ પર જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ ખાતે રેડીઓલોજીસ્ટ તરીકે હાજર હતા તે દરમ્યાન મહિલા પો.કો.છનીબેન શંકર

ભાઈ, બ.નં.૧૧૩૭, ખેરગામ પોલીસ સ્ટેશનનાઓ સાથે ભોગબનનારને ઉંમરની ચકાસણી માટે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ ખાતે ફેર બદલી ફોર્મ સાથે લાવવામાં આવેલ. જે આંક–૨૨ થી રજુ છે.

**(૧૧.૩)** ડોકટર સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, આ દર્દીનું ઓ.પી.ડી. કેસ નં. ૨૦૨૫૦૧૦૦૫૩૩ થી કઢાવેલ જે તેમની હોસ્પિટલના છાપેલા ફોર્મેટ ઉપર છે જે આ કામે આંક–૨૩ થી રજુ છે. સદર ભોગબનનારનાં ખાભાના જોઈન્ટનું એકસરે કરેલ તે જોતાં તેણીની ઉંમર ૧૪ વર્ષ કરતાં વધુ જણાયેલી. તથા કોણીના જોઈન્ટ એકસરે કરેલ તે જોતાં તેણીની ઉંમર ૧૪ વર્ષ કરતાં વધુ જણાયેલી તથા હાથ તથા કાડાંનું જોઈન્ટ એકસરે કરેલ તે જોતાં તેણીની ઉંમર ૧૭ વર્ષ કરતાં વધુ જણાયેલી અને થાપાના જોઈન્ટ (પેલવીસ વીથ હીપ) એકસરે કરેલ તે જોતાં તેણીની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી જણાયેલી. આ તમામ એકસરે ઉપરથી ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતાં નીચેની જણાયેલી. આ એકસરે આંક–૨૪ થી રજુ છે.

**(૧૧.૪)** ડોકટર સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, ભોગ બનનારની ઉંમર ચકાસણી અંગેનું સર્ટીફીકેટ એમ.એલ.સી.નં. ૬૫૫૫/૨૦૨૫ વાળુ તેમના હસ્તાક્ષરમાં છે જેમાં તેમની સહી તથા હોદાનો સિકકો છે જે તેઓ ઓળખે છે જે આ કામે આંક–૨૫ થી રજુ કરેલ છે.

**(૧૧.૫)** આ ડોકટર સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં તેઓએ કબૂલ રાખેલ છે કે, ભોગ બનનારની ઉંમર બાબતે તેઓએ જે ઓપીનીયન આપેલ તે સંભવીતાના ધોરણે આપેલ છે. દરેક માનવ શરીર પ્રમાણે તેનાં અંગોની વિકાસની પ્રક્રીયા અલગ અલગ સમય મર્યાદા પ્રમાણે હોય છે. ભોગબનનારની ચોક્કસ ઉંમર કહી શકે નહી.

**(૧૧.૬)** આમ,ડોકટર સાહેદનો પુરાવો જોતાં તેઓએ તેમની ફરજની રૂએ કાયદેસરની કાર્યવાહી કરેલ તેને સમર્થન કરતો પુરાવો આપેલ છે. પરંતુ આ કામે ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર તેમજ તેના જન્મનાં પ્રમાણપત્રનો કાયદામાન્ય પુરાવો રજુ થયેલ હોય ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે ડોકટર સાહેદનો પુરાવો મહત્વનો રહેતો નથી.

**(૧૧.૭)** આ કામે આંક–૩૮ થી ત.ક.અ.પિનલબેન દેવજીભાઈ ચૌધરીને સાહેદ નં.૭ તરીકે તપાસવામાં આવેલ છે, તેમનો પુરાવો તપાસીએ તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદીએ ભોગબનનારના જન્મ અંગેના પ્રમાણપત્ર પ્રમાણીત નકલ, શાળા છોડયાનાં પ્રમાણપત્રની પ્રમાણીત નકલ અને આધારકાર્ડની ઝેરોક્ષ વિગેરે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમને આંક–૧૮ વાળા જન્મ અંગેના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ તથા આંક–૦૮ વાળા શાળા છોડયાનાં પ્રમાણપત્રની પ્રમાણીત નકલ બતાવતા ઓળખી બતાવે છે.

**(૧૧.૮)** ત.ક.અમલદારે વધુમાં પુરાવો આપેલ છે કે, ગુનાના કામે ભોગબનનારનાં જન્મનાં દાખલાની પ્રમાણીત નકલ મેળવવા માટે જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત ગૌરીને યાદી કરેલી, તેઓ આંક-૧૭ વાળી યાદીમાં પોતાની સહી ઓળખી બતાવે છે. સદર ગુનાના કામે ભોગ બનનારના શાળા છોડયાનું પ્રમાણીત નકલ મેળવવા માટે આચાર્યશ્રી, વિનયન વિધા મંદિર, રૂઝવણી-દેબરપાડા હાઈસ્કુલ,તા.ખેરગામ,જિ.નવસારીનાઓને કરેલ યાદી આંક- ૪૬ થી રજુ છે.

**(૧૧.૯)** આમ, ભોગબનનારનાં જન્મ અંગે આંક-૧૮ વાળુ ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર ગૌરી ગ્રામ પંચાયતનાં (જન્મ-મરણ) રજીસ્ટ્રારનાઓએ આપેલ છે જેમાં તેમની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૯ જણાવેલ છે તેમજ આ કામે ભોગ બનનારનાં શાળા છોડયા બાબતનો દાખલો જે વિનય વિદ્યામંદિર રૂઝવાની, દેબરપાડાનો રજુ થયેલ છે જેમાં ભોગ બનનારની જન્મ તા.૧૧/૦૩/૨૦૦૮ જણાવેલી છે. આ પુરાવો આરોપી તરફે કબુલ રાખેલ છે. બંને પુરાવામાં જન્મ તારીખ અંગે વિસંગતતા છે. પરંતુ બંને તારીખ મુજબ બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હતી તેવુ પુરવાર થાય છે. તેમજ ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હોવા બાબતે આરોપી તરફે તકરાર લેવાયેલ ન હોય તેમજ ફરિયાદ પક્ષે જન્મ તારીખ બાબતે કાયદા માન્ય પુરાવા રજુ થયેલ છે.

**(૧૧.૧૦)** આમ, ફરિયાદપક્ષ ભોગબનનારની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૯ ની છે તે પુરવાર કરવામાં સફળ રહેલ છ. જયારે બનાવ તા.૦૪/૧૦/૨૦૨૫ નાં રોજ બનેલ હોઈ, બનાવ તારીખે ભોગબનનાર સગીર વયની હતી તે ફરિયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોઇ, મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવેલ છે.

**<u>મુદ્દા નંબર-૨</u>**

**(૧૨)** જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની જોગવાઈઓ તેનો હેતુ અને ઉદેશ્ય લક્ષમાં લેતાં, એક કુમળી વયની બાળકી ઉપર જાતીય હુમલો અને જાતીય સતામણી આચરાયેલનો આ કેસ છે અને આ કાયદો ભોગબનનાર સગીરાનું જાતીય શોષણ કરતા આરોપીને અટકાવવા માટેનો છે.

**(૧૩)** આ કામે ઇન-કેમેરા જુબાની અને બાળકપ્રિય વાતાવરણમાં ભોગબનનારનો પુરાવો નોંધાયેલ છે.ત્યારે ભોગબનનારને સત્ય અને હકીકત જણાવવા માટે કોઈ દબાણ કે બીજા કોઈ બાહ્ય પરિબળોનો અંતરાય ન હતો તેમ આ અદાલત માને છે.

**(૧૪)** આ કામનાં આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૪,૧૧૫(૨),૩૫૨ તથા પોકસો એકટ ૨૦૧૨ ની સુધારાની કલમ–૧૨,૧૮ મુજબનાં ગુન્હાનું પણ તહોમત છે. આ અંગે રજુ થયેલ પુરાવો જોતાં આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાત(૦૭) સાહેદોને તપાસેલા છે.

**(૧૪.૧)** જે પૈકી આંક–૦૭ થી ભોગબનનારને સાહેદ નં.૧ તરીકે તપાસેલા છે. તેઓએ પુરાવો આપેલ છે તે મુજબ બનાવ આશરે છ માસ પહેલાનો બનેલો. તે દિવસે તેઓ વિનયન વાણીજય અને વિજ્ઞાન કોલેજ,ખેરગામ ખાતે ગયેલા. તેઓ સવારમાં કોલેજે ગયેલા. ત્યાર બાદ તે દિવસે કોલેજમાં ઈન્ટરલ એકઝામનું પરીણામ બતાવવાના હતા. જેથી તેઓ ગયેલા. જેથી રીઝલ્ટ લઈને તેઓ અને તેમની ફ્રેન્ડ બસસ્ટેશન પાસે ઊભેલા હતા. ત્યારે હેમંતનાઓ મો.સા. લઈને તેઓ તરફ આવેલા. જેનું બેલેન્સ ખોરવાતા ગાડી ડગુમગુ થતાં તેમના તરફ આવી ગયેલી અને તેમને સામાન્ય ટકકર વાંગેલી. જેથી આ બાબતે તેમની અને હેમંત વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી પછી હેમંત ત્યાંથી જતો રહેલો અને આજે બનાવ બનેલો તેની જાણ તેઓએ તેમના ઘરે કરેલી અને આ અંગે તેમની મમ્મીએ પોલીસમાં ફરીયાદ આપેલી. આ સિવાય બનાવમાં બીજું કંઈ બનેલું નહીં.

**(૧૪.૨)** ભોગ બનનારે વધુમાં પુરાવો આપેલ છે કે, પોલીસે તેમની પુછપરછ કરેલ. ત્યારબાદ પોલીસ તેમને દવાખાને મેડીકલ તપાસ કરાવવા માટે લઈ ગયેલ અને ત્યારબાદ પોલીસ તેમને કોર્ટમાં જજ સાહેબ પાસે પણ લઈ ગયેલ અને ત્યાં જજ સાહેબે તેમની પુછપરછ કરેલી અને ત્યાં પોલીસવાળા સાહેબોએ તેમને જે કીધેલું તે મુજબ તેઓએ જજ સાહેબને કીધેલું. બનાવ બાબતે આ સિવાય બીજી કોઈ હકીકત બનેલ નથી.

**(૧૪.૩)** બી.એન.એસ. કલમ: ૧૮૩ મુજબના ખેરગામના જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક.જજ સાહેબશ્રીએ લીધેલ નિવેદનમાં તેઅ પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક–૦૯ થી રજુ કરેલ છે.

**(૧૪.૪)** ભોગબનનારે વધુમાં કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવેલ છે તથા તેમણે જે કપડા પહેરેલા તે કપડા પોલીસને તપાસ અર્થે આપેલા અને તેઓ એમ.આર.નં.૬૮/૨૦૨૫ આર્ટીકલ નં.૧ થી આર્ટીકલ નં.૪ વાળા કપડા ઓળખી બતાવે છે.

**(૧૪.૫)** ભોગબનનારે વધુમાં પોતાનાં પુરાવામાં એવુ સ્પષ્ટ જણાવેલ છે કે, તેમને આરોપી હેમંત તેમનો મોબાઇલ માંગી લઈને તેમને પરત નહી આપી તેમને તેની ગાડી ઉપર બેસી જવાં મજબુર કરીને તેમને તેની ગાડી ઉપર બેસાડીને તેને ઘરે મુકી આવું તેમ કહી અલગ રસ્તાએથી લઈ જઈને એકાંતવાળી જગ્યાએ લઈ જઈ તેમને તેમની આબરૂ લેવાનાં ઈરાદે તેમને જમીન ઉપર પાડી દઈ તેણીના પેટ ઉપર બેસી જઈ તેણીએ બુમાબુમ કરવા જતાં

તેણીને મા–બેન સમી ગાળો આપી તેણીના ગાલ ઉપર તમાચા મારેલ હોય તેવું બનેલ નથી. તેઓએ પ્રમાણપત્ર તથા સ્ક્રીનશોટ સંયુકત આંક–૧૦ થી રજુ કરેલ છે.

**(૧૪.૬)** નિશાની ૪/૨૭ થી રજુ એફ.એસ.એલ.ના રીપોર્ટની સાથે રજુ પેનડ્રાઈવ નામદાર કોર્ટનાં કોમ્પ્યુટરમાં કોર્ટનાં સીસ્ટમ ઓફીસર દ્વારા ચાલુ કરતાં ફોલ્ડર પણ ઓપન થયેલ નથી.

**(૧૪.૭)** ભોગબનનાર ફરિયાદપક્ષની હકીકતને સમર્થન આપતો પુરાવો આપતા ન હોઈ, તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી.

**(૧૪.૮)** આ ભોગબનનારની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં તેણીએ કબૂલ રાખેલ છે કે, પોલીસે તેણીની કોઇ પુછપરછ કરેલ નથી કે તેણીએ પોલીસને કોઇ હકીકત જણાવેલ નથી. આરોપી તેમની ફ્રેન્ડ જીજ્ઞાનો ફ્રેન્ડ હોય પહેલેથી જ ઓળખે છે. તેમની ફ્રેન્ડ બસસ્ટેશન પાસે ઉભેલા હતા ત્યારે હેમંતનાઓ મો.સા.લઇને તેમની તરફ આવેલા જેમનું બેલેન્સ ખોરવાતા ગાડી ડગુમગુ થતાં તેમની તરફ આવી ગયેલી જેથી તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. આરોપીની મો.સા.થી તેઓને કોઇ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી. તેમને આરોપી હેમંત તેમનો મોબાઈલ માંગી લઈને તેમને પરત નહી આપી તેઓને તેની ગાડી ઉપર બેસી જવાં મજબુર કરીને તેણીને તેની ગાડી ઉપર બેસાડીને તેણીને ઘરે મુકી આવું તેમ કહી અલગ રસ્તાએથી લઈ જઈને એકાંતવાળી જગ્યાએ લઈ જઈ તેણીની આબરૂ લેવાનાં ઈરાદે તેણીને જમીન ઉપર પાડી દઈ તેણીનાં પેટ ઉપર બેસી જઈ તેણી બુમાબુમ કરવા જતાં તેણીને માં–બેન સમી ગાળો આપી તેણીનાં ગાલ ઉપર તમાચા મારેલ હોય તેવું બનેલ નથી. વધુમાં કબૂલ રાખેલ છે કે, તેણીએ ડોકટરને કંઈ કહેલુ કે લખાવેલુ નથી. કોર્ટમાં જજ સાહેબ પાસે તેણીને પોલીસવાળા લઈ ગયેલા અને પોલીસવાળાઓએ તેણીને જે શીખવાડેલ તે મુજબનો જવાબ તેણીએ જજ સાહેબને લખાવેલો અને અગાઉ જજ સાહેબ રૂબરૂ હકીકતો જણાવેલ તેવો બનાવ બનેલો નથી.તેણીએ પોલીસવાળાને કોઈ જગ્યા બતાવી હોય તેવું બનેલ નથી. આરોપી હેમંતે તેણી સાથે ચેટીંગ દરમ્યાન કોઈપણ પ્રકારની ખરાબ વાતો કરેલ હોય તેવું બનેલ નથી. તેણીએ તેણીનાં મોબાઈલમાંથી હેમંત સાથેની ચેટીંગની સ્ક્રીનશોટ જાતે કાઢીને આપેલ હોય તેવું બનેલ નથી પરંતુ પોલીસવાળા તેમની રીતે કાઢેલ. પોલીસે એક તૈયાર પ્રમાણપત્ર પર તેણીની સહી કરાવેલી અને તે પ્રમાણપત્ર તેણીએ તૈયાર કરેલ નથી.

**(૧૪.૯)** આમ, ખુદ ભોગબનનારે ફરિયાદ હકીકત કે ડોકટરી પુરાવાને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી.

**(૧૫)** આ કામે આંક–૧૧ થી ફરીયાદીને સાહેદ નં.ર તરીકે તપાસવામાં આવેલ છે, હાલનો ફરીયાદવાળો બનાવ લગભગ છ મહિના પહેલા બનેલો. તે દિવસે તેમની દિકરી ભોગ બનનાર કોલેજ કરવા માટે વિનચન વાણીજય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ ખાતે ગયેલી. તેણી સવારમાં કોલેજ ગયેલી. ત્યારબાદ તે દિવસે કોલેજમાં તેણીની ઈન્ટરલ એકઝામનું પરીણામ બતાવવાના હતા જેથી તે ગયેલી. જેથી રીઝલ્ટ લઈને તેણી અને તેની ફ્રેન્ડ બસ સ્ટેશન પાસે ઊભેલા હતા. ત્યારે હેમંતનાઓ મો.સા. લઈને તેમની તરફ આવેલા હેમંતનું બેલેન્સ ખોરવાતા ગાડી ડગુમગુ થતાં તેણીની તરફ આવી ગયેલી અને તેણીને સામાન્ય ટકકર વાંગેલી.જેથી આ બાબતે તેણી અને હેમંત વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી પછી હેમંત ત્યાથી જતો રહેલો અને તે બનાવ બનેલો તેની જાણ તેણીએ તેઓને કરેલી અને આ અંગે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી. જે ફરીયાદ આ કામે આંક–૧ર થી રજુ છે. આ સિવાય બનાવમાં બીજું કશું થયેલ નહીં.

**(૧૫.૧)** ફરીયાદીએ વધુમાં એવો પુરાવો આપેલ છે કે, ત્યાર બાદ તેમની દિકરીની પોલીસે પુછપરછ કરેલી, તેમની દિકરી ભોગબનનારે પોલીસ સ્ટેશને કોઈ ચીજ વસ્તુ રજુ કરેલ કે કેમ, તે અંગેની તેમને ખબર નથી અને પછી સરકારી દવાખાને તેમની દિકરીની મેડીકલ તપાસ કરાવેલી. તેમની દિકરીનું જજ સાહેબ પાસે કોર્ટમાં નિવેદન લેવામાં આવેલુ ત્યાર બાદ તેમની દીકરી તેમની સાથે ઘરે આવેલી.

**(૧૫.ર)** ફરીયાદીએ વધુમાં એવો પુરાવો આપેલ છે કે, તેમની દિકરીને આરોપી હેમંતે તેણીનો મોબાઈલ માંગી લઈને તેણીને પરત નહી આપી તેણીને તેની ગાડી ઉપર બેસી જવાં મજબુર કરીને તેણીને તેની ગાડી ઉપર બેસાડીને તેને ઘરે મુકી આવું તેમ કહી અલગ રસ્તેથી લઈ જઈને એકાંતવાળી જગ્યાએ લઈ જઈ તેણીની આબરૂ લેવાનાં ઈરાદે તેણીને જમીન ઉપર પાડી દઈ તેણીના પેટ ઉપર બેસી જઈ તેણીએ બુમાબુમ કરવા જતાં તેણીને મા–બેન સમી ગાળો આપી તેણીના ગાલ ઉપર તમાચા મારેલ હોય તેવું બનેલ નથી. એવુ બનેલ નથી કે, તેમની દિકરી ભોગબનનારને કોઈ વ્યકિત તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય.

**(૧૫.૩)** ફરિયાદી ફરિયાદપક્ષની હકીકતને સમર્થન આપતો પુરાવો આપતા ન હોઈ, તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી.

**(૧૫.૪)** આ ફરિયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં તેણીએ કબૂલ રાખેલ છે કે, પોલીસે ફકત તેમનું નામ–ઠામ પુછેલુ તે સિવાય પોલીસને તેઓએ કોઈ હકીકત જણાવેલી નથી. તેમની દિકરી ભોગબનનારની જોડે આરોપી હેમંતની બોલાચાલી

થયેલાની હકીકત પોલીસને જણાવેલી તે સિવાય બીજું કંઈ જણાવેલ નથી. તેમની દિકરીને આરોપી હેમંતે તેણીનો મોબાઈલ માંગી લઈને તેણીને પરત નહી આપી તેણીને તેની ગાડી ઉપર બેસી જવાં મજબુર કરીને તેણીને તેની ગાડી ઉપર બેસાડીને તેને ઘરે મુકી આવું તેમ કહી અલગ રસ્તાએથી લઈ જઈને એકાંતવાળી જગ્યાએ લઈ જઈ તેણીની આબરૂ લેવાનાં ઈરાદે તેણીને જમીન ઉપર પાડી દઈ તેણીના પેટ ઉપર બેસી જઈ તેણીએ બુમાબુમ કરવા જતાં તેણીને મા– બેન સમી ગાળો આપી તેણીના ગાલ ઉપર તમાચા મારેલ હોય તેવું બનેલ નથી અને તેવી કોઈ વાત તેમની ભોગબનનાર દિકરીએ જણાવેલી નથી.

**(૧૫.૫)** આમ, ફરીયાદીએ પણ ફરિયાદપક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ નથી.

**(૧૬)** આ કામે આંક–૧૩ થી ભોગબનનારનાં પિતાને સાહેદ નં.૩ તરીકે તપાસવામાં આવેલ છે, હાલનો બનાવ લગભગ છ મહિના પહેલા બનેલો. તે દિવસે તેમની દિકરી ભોગબનનાર કોલેજે કરવા માટે વિનયન વાણીજય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ ખાતે ગયેલી. તેણી સવારમાં કોલેજે ગયેલી.ત્યારબાદ તે દિવસે કોલેજમાં તેણીની ઈન્ટરલ એકઝામનું પરીણામ બતાવવાના હતા. જેથી તે ગયેલી. જેથી રીઝલ્ટ લઈને તેણી અને તેની ફ્રેન્ડ બસસ્ટેશન પાસે ઊભેલા હતા. ત્યારે હેમંતનાઓ મો.સા.લઈને તેમની તરફ આવેલા હેમંતનું બેલેન્સ ખોરવાતા ગાડી ડગુમગુ થતાં તેણીની તરફ આવી ગયેલી અને તેણીને સામાન્ય ટકકર વાંગેલી.જેથી આ બાબતે તેણી અને હેમંત વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી પછી હેમંત ત્યાથી જતો રહેલો અને તે બનાવ બનેલો તેની જાણ તેણીએ તેઓને કરેલી અને આ અંગે તેમની પત્નીએ પોલીસમાં ફરીયાદ આપેલી. આ સિવાય બનાવમાં બીજું કશું થયેલ નહીં.

**(૧૬.૧)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, ત્યાર બાદ તેમની દિકરીની પોલીસે પુછપરછ કરેલી, તેમની દિકરી ભોગબનનારે પોલીસ સ્ટેશને કોઈ ચીજ વસ્તુ રજુ કરેલ કે કેમ, તે અંગેની તેમને ખબર નથી અને પછી સરકારી દવાખાને તેમની દિકરીની મેડી.તપાસ કરાવેલી. તેમની દિકરીનું જજ સાહેબ પાસે કોર્ટમાં નિવેદન લેવામાં આવેલુ ત્યાર બાદ તેમની દિકરી તેમની સાથે ઘરે આવેલી.

**(૧૬.૨)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, તેમની દિકરીને આરોપી હેમંતે તેણીનો મોબાઈલ માંગી લઈને તેણીને પરત નહી આપી તેણીને તેની ગાડી ઉપર બેસી જવાં મજબુર કરીને તેણીને તેની ગાડી ઉપર બેસાડીને તેને ઘરે મુકી આવું તેમ કહી અલગ રસ્તાએથી લઈ જઈને એકાંતવાળી જગ્યાએ લઈ જઈ તેણીની આબરૂ લેવાનાં ઈરાદે તેણીને જમીન ઉપર પાડી દઈ તેણીના પેટ ઉપર બેસી જઈ તેણીએ બુમાબુમ કરવા જતાં તેણીને મા–બેન સમી

ગાળો આપી તેણીના ગાલ ઉપર તમાચા મારેલ હોય તેવું બનેલ નથી.

**(૧૬.૩)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, એવુ બનેલ નથી કે, તેમની દિકરી ભોગ બનનારને કોઈ વ્યકિત તેમનાં કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય. આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**(૧૬.૪)** સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન આપતો પુરાવો આપતા ન હોઇ, તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી.

**(૧૬.૫)** આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતાં તેઓએ કબૂલ રાખેલ છે કે, પોલીસે ફકત તેમનું નામ–ઠામ પુછેલુ તે સિવાય પોલીસને તેઓએ કોઈ હકીકત જણાવેલી નથી. તેમની દિકરી ભોગબનનારની જોડે આરોપી હેમંતની બોલાચાલી થયેલીની હકીકત પોલીસને જણાવેલી તે સિવાય બીજું કંઈ જણાવેલ નથી. તેમની દિકરીને આરોપી હેમંતે તેણીનો મોબાઈલ માંગી લઈને તેણીને પરત નહી આપી તેણીને તેની ગાડી ઉપર બેસી જવાં મજબુર કરીને તેણીને તેની ગાડી ઉપર બેસાડીને તેને ઘરે મુકી આવું તેમ કહી અલગ રસ્તાએથી લઈ જઈને એકાંતવાળી જગ્યાએ લઈ જઈ તેણીની આબરૂ લેવાનાં ઈરાદે તેણીને જમીન ઉપર પાડી દઈ તેણીનાં પેટ ઉપર બેસી જઈ તેણીએ બુમાબુમ કરવા જતાં તેણીને મા–બેન સમી ગાળો આપી તેણીના ગાલ ઉપર તમાચા મારેલ હોય તેવું બનેલ નથી અને તેવી કોઈ વાત તેમની ભોગબનનાર દિકરીએ જણાવેલી નથી.

**(૧૬.૬)** આમ, સદર સાહેદ ભોગ બનનારનાં પિતા થાય છે પરંતુ તેમણે પણ ફરિયાદ હકીકત કે અન્ય પુરાવાને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી.

**(૧૭)** આ કામે આંક–૨૬ થી સાહેદ ડો.જાનવી હરેશભાઇ ગોધાણીને સાહેદ નં.પ તરીકે તપાસવામાં આવેલ છે, તેમનો પુરાવો તપાસીએ તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૫/૧૦/૨૦૨૫ નાં રોજ તેઓ તેમની ફરજ ઉપર સા.આ.કેન્દ્ર ચીખલી ખાતે હાજર હતા તે દરમ્યાન મહીલા પોલીસ કો.અંકીતાબેન જયેશભાઈ પટેલ, બં.નં.૭૫૧ નાઓ સાથે ભોગ બનનારને પોલીસ યાદી સાથે તેમની સમક્ષ લાવવામાં આવેલ તે પોલીસ યાદી આ કામે આંક–૨૭ થી રજુ છે. આ દર્દીનો ઓ.પી.ડી.કેસ નં.૨૦૨૫૦૦૨૯૪૦૦ થી કઢાવેલ જે તેમનાં હસ્તાક્ષરમાં છે જે હોસ્પિટલનાં છાપેલા ફોર્મેટમાં છે તે આંક–૨૮ થી રજુ છે.

**(૧૭.૧)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે,ભોગબનનારની મેડી.તપાસણી તેઓએ તા.૦૫/૧૦/૨૦૨૫ નાં રોજ બપોરે ૩:૪૩ વાગ્યે શરૂ કરી તે જ દિવસે પુર્ણ કરેલ, તેણીનાં શરીરે ઓળખનાં ચિન્હોમાં ડાબા હાથના કોણીથી કાંડા વચ્ચે તલ હતો અને ડાબી આંખની

નીચે તલ હતો. સદરહું દર્દીના વાયટલ પાર્ટ નોર્મલ હતા. તેણીને બનાવ બાબતેની હીસ્ટ્રી પુછતાં તેણીએ જણાવેલ કે, "હું ૪/૧૦/૨૦૨૫ના રોજકોલેજમાં એકઝામ આપતી હતી ત્યારે અનનોન નંબર થી કોલ આવેલો જે મેં ઉપાડયો ન હતો (જે હેમંતભાઈ અશોકભાઈ પટેલનો નંબર હતો) ત્યારબાદ કોલેજ(વાણીજય વિનય ખેરગામ)માંથી નીકળી બસસ્ટેશને ઉભી હતી તો ત્યા હેમંતભાઈ પટેલ બાઈક પર આવ્યો અને મારા હાથમાંથી ફોન ખેંચી લીધો વારંવાર માંગવા છતાં પણ ન આપ્યો ઘણીવાર મેં એના હાથમાંથી ખેચવાના પ્રયત્ન કર્યા તેમણે લાલચ આપી કે બાઈક પર બેસી જા હું તેને ઘરે મુકી જાઈશ અને ફોન પણ આપી દઈશ તેથી હું બાઈક ઉપર બેસીને તેની સાથે જતી હતી તો તેણે રસ્તો બદલી લીધો અને બીજા રસ્તે લઈ ગયેલો અને મેં તેને કહ્યુ કે બાઈક ઉભી નહી રાખે તો હું કુદી જઈશ આથી તેણે કોઈ ઝાડી ઝાખરા વાળી જગ્યા જે વાવ ક્રિકેટ ગ્રાઉન્ડ ત્યાં લઈ ગયેલો ત્યારબાદ તે કહેવા લાગ્યો કે મેં તેને નવરાત્રીમાં જોયેલી તારી ફ્રેન્ડ પાસે નંબર લીધો હતો આમ બોલતાં બોલતાં તેણે નીચે જમીન પર આડી પાડી મારા પર બેસી(પેટના ભાગે) ગયો. મેં બુમાબુમ કરી તો તેણે તેના હાથથી મારા મોંઢાને દબાવ્યુ અને ગાળો આપવા લાગ્યો અને તેના પર બટકું ભર્યુ અને તેને વાગતાં તેણે હાથ લીધો તેના મારો પાયજામો ઉતારવાની કોશિશ કરી અને કુર્તાને ઉપર કરવા લાગેલો અને મેં તેને ધક્કો મારીને દોડવા લાગી અને નજીકમાં કોઈ ઘર દેખાયેલ તેમાં ઘુસી ગયેલ આ ઘટના ૧૨.૪૫ પી.એમ. આજુબાજુ તા.૦૪/૧૦/૨૦૨૫ વાગે બનેલી ત્યારબાદ મેં ખેરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલી."

**(૧૭.૨)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે,ભોગબનનારનું જનરલ એકઝા કરતા તેણીની ઉચાઈ ૧૪૬ સે.મી વજન–૪૫.૨૮ કિ.ગા., તેણી સભાન અને તપાસમાં સહકાર આપતી હતી અને બાંધો મજબુત હતો, તંદુરસ્ત હતી, માનસિક રીતે સામાન્ય હતી અને તે અપરણીત હતી. તેણીના ગુપ્ત ભાગના તથા બગલના વાળ જોવા મળેલ. માસિક ધોરણ આઠમાં હતી તે દરમ્યાન ચાલુ થયેલ. શરીરે ડાબી આંખ નીચે ૨*૨ સે.મી.નો મુંઢ ઘા રતાશ રંગનો દેખાઈ આવેલો. ભોગબનનારનાં શરીરના ગુપ્ત ભાગની તપાસ તેમની હોસ્પીટલના ડોકટર તેજસ ગોપાલ ક્રિષ્નનાએ તેમની હાજરીમાં કરેલી.ત્યારે તેણીને સફેદ ડીસ્ચાર્જ હાજર હતું.યોનિપટલ અખંડ હતુ. તેણીના શરીરમાંથી નીચે મુજબના સેમ્પલો એફ. એસ.એલ. તપાસણી કરવા સારુ મેળવી પોલીસને આપેલ, જેમાં પ્લેન અને ઈ.ડી.ટી.બ્લડ, સલાઈવા, પ્યુબીક હેર, હાથની આંગળીઓના નખ, વજાઈનલ સ્વોબ અને સર્વાઈકલ સ્વોબ, માથના વાળ અને બગલના વાળ મેળવેલ.

**(૧૭.૩)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે,તેઓએ સદર ભોગ બનનારની તપાસણી કર્યા બાદ એમ.એલ.સી. નં. ૭૪૩/૨૦૨૫ થી પોલીસને આપેલ જે તેમનાં હસ્તાક્ષરમાં છે

જેમાં તેમની સહી તથા હોદ્દાનો સિક્કો છે, જે આ કામે આંક–૨૯ થી રજુ છે. તેમને સદર દર્દીના મેળવેલ સેમ્પલો એફ.એસ.એલ.માં મોકલવા માટે શીલબંધ કરી પોલીસને આપેલ જે આ કામે આંક–૩૦ થી રજુ છે.

**(૧૭.૪)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, ભોગ બનનારની ઉંમરની ચકાસણી માટે તેણીને વલસાડ સિવિલ હોસ્પીટલ રેડીયોલોજીસ્ટ ડીપાર્ટમેન્ટમાં યાદી સાથે મોકલાવેલ. જે યાદીમાં તેમની સહી તથા હોદ્દાનો સિકકો છે જે આ કામે આંક–૩૧ થી રજુ છે. ભોગ બનનારની તપાસ ઉપરથી ભોગ બનનાર સાથે જાતીય હિંસા થઈ હોવાની શકયતા નકારી શકાય નહી.

**(૧૭.૫)** આ ડો.સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતાં તેઓએ કબૂલ રાખેલ છે કે, ભોગબનનારને તેમની સમક્ષ પોલીસ જાપ્તા સાથે લાવવામાં આવેલ હતા. તેઓએ ભોગબનનારને કશે ઈજા હતી તે કેટલા સમય પહેલાની હતી તે બાબતે તેમનાં સર્ટીફીકેટમાં જણાવેલ નથી. કોઈપણ બોથડ પદાર્થ સાથે અથડાવાથી ભોગ બનનારને ઈજા થઈ શકે.

**(૧૭.૬)** ડોકટર સાહેદે પોતાની ફરજનાં ભાગ રૂપે કરેલ કામગીરીને સમર્થન કરતો પુરાવો આપેલ છે. પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબનો ભોગબનનારનો પુરાવો જોતાં,સારવાર દરમ્યાન ભોગબનનારે તેમને જણાવેલ હીસ્ટ્રીની વિગતોને ખુદ ભોગબનનારે પોતાના કોર્ટ રૂબરૂનાં પુરાવામાં સમર્થન આપેલ નથી.

**(૧૮)** આ કામે આંક–૩૨ થી સાહેદ ડો.વિપુલભાઈ કરસનભાઈ પટેલને સાહેદ નં.૬ તરીકે તપાસવામાં આવેલ છે, તેમનો પુરાવો તપાસીએ તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૫/૧૦/૨૦૨૫ નાં રોજ તેઓ તેમની ફરજ સી.એસ.સી.ખેરગામ ખાતે મેડીકલ ઓફિસર તરીકે હાજર હતો તે દરમ્યાન પોલીસ કો.વિજયભાઈ, બ.નં.૩૨૪ નાઓ સાથે આરોપી–હેમંતભાઈ અશોકભાઈ પટેલને પોલીસ યાદી સાથે તેમની સમક્ષ લાવવામાં આવેલ, જે યાદી તેઓએ રીસીવ્ડ કરેલ જે આ કામે આંક–૩૩ થી રજુ છે. આ દર્દીનો ઓ.પી.ડી. કેસ નં. ૪૧૭ થી કઢાવેલ. સદરહું કેસ પેપર્સ (કુલ પેજ–૧) જે તેમનાં હસ્તાક્ષરમાં છે જે તેમના હોસ્પીટલના છાપેલા ફોરમેટ ઉપર છે જે આ કામે આંક–૩૪ થી રજુ છે.

**(૧૮.૧)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, ત્યાર બાદ સદર દર્દીની તેઓએ મેડીકલ તપાસણી તા.૦૫/૧૦/૨૦૨૫ નાં રોજ સાંજેના ૬.૧૦ વાગ્યે તપાસ શરૂ કરેલ અને તે જ દિવસે પુર્ણ કરેલ. તપાસ શરૂ કરતાં પહેલાં દર્દીની લેખીત તથા મૌખીક સંમતિ મેળવેલી.તેના શરીરે ઓળખનાં ચિન્હોમાં જમણા હાથ ઉપર પાગલ લખેલ ટેટુ માર્ક જણાયેલ. આરોપીને

બનાવ બાબતેની હીસ્ટ્રી પુછતાં તેઓએ જણાવેલ કે,"તા.૦૪/૧૦/૨૦૨૫ નાં રોજ ભોગ બનનારનો ફોન મારા પર આવેલ હતો આશરે ૧૧ થી ૧૧.૩૦ ની વચ્ચે મને કોલેજથી ઘરે મુકવા માટે બોલાવેલ હતો. હું આશરે ૧૨ વાગ્યેની આજુબાજુ ખેરગામ કોલેજના દરવાજા પાસેથી મારી સાથે એકસેસ મોપેડ પર બેસાડીને વાવ તળાવ પાસેના મેદાનમાં ગયા હતા ત્યારબાદ અમો થોડી વાતચીત કરી હતી ત્યારબાદ તેણીએ મારા મોપેડ પર તેની કોલેજની બેગ મુકી આગળ ચાલવા માટે કહ્યુ ત્યાં કાદવ હોવાથી તેણીએ મને કહયુ કે મને ઉંચકીને આગળ લઈ જવા કહયુ અને મેં એને ઉંચકીને આગળ લઈ ગયો હતો જયાં કાદવ પુરો થઈ ગયો ત્યાં સુધી પછી મેં તેને નીચે ઉતારી ત્યાં થોડે આગળ જવાં માટે ચાલતાં હતા ત્યારે મેં તેને પાછળથી પકડી ત્યારે તેણી બુમો પાડવા લાગી મેં તેને બુમો પાડવાની ના પાડી અને મોઢા પર હાથ મુકયો તેણીએ મને જમણાં હાથમાં હથેળીના ભાગે રીંગ ફીગર નીચે બચકું ભરેલ હતું ત્યારે મેં તેને ધક્કો મારેલ હતો ત્યારે છાતીના ભાગે મને એના નખ વાગેલ હતા ત્યારબાદ તેણીને અમો તેમનાં કાકાને ઘરે બેગ મુકીને ત્યાંથી જતાં રહેલ હતાં".

**(૧૮.૨)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, સદર દર્દીના વાઈટલ્સ નોર્મલ હતા, તેનું જનરલ એકઝા. કરતા તેનું વજન–૫૦ કિ.ગ્રા., તે સભાન અને તપાસમાં સહકાર આપતો હતો અને બાંધો મજબુત હતો, માનસિક રીતે સામાન્ય હતો. તેના ગુપ્ત ભાગના વાળ જોવા મળેલ. શરીરે જમણા હાથ ઉપર રીંગ ફીગરની નીચે હથેળી સાઈડ ઉપર બાઈટ (કરડવાના) માર્ક નીશાન હતા. જે 0.5*0.5 સે.મી.નું હતુ. તે લાલ કલરનું હતુ તથા છાતીના ભાગે ઉઝરડું હતું. જે 8*0.1 સે.મી. હતું. જેની શરૂઆત જમણી પાંસળી થી થતી હતી. તેના પલ્સ અને બી.પી. સામાન્ય હતા.તેનાં ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાનો ન હતા.

**(૧૮.૩)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે,સદર દર્દીના શરીરમાંથી નીચે મુજબના સેમ્પલો એફ.એસ.એલ. તપાસણી કરવા સારુ મેળવેલા. જેમાં પ્યુબીક હેર, સલાઈવા, હાથની આંગળીઓના નખ, પ્લેન બલ્બમાં બ્લડ અને ઈડીટી બલ્બમાં બ્લડ, સિમેન, લાળ, ગુપ્ત ભાગ પાસેથી સ્વોબ, બાઈટ માર્ક પાસેથી સ્વોબ, પેશાબના નમુનાઓ મેળવેલા. ત્યાર બાદ ઉપર મુજબના નમુનાઓ તપાસણી અર્થે એફ.એસ.એલ. ખાતે શીલબંધ કરી પોલીસને તેઓએ આપેલ. જેમાં તેમની સહી તથા હોદ્દાનો સિક્કો છે, જે આ કામે આંક–૩૫ થી રજુ છે.

**(૧૮.૪)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, તેઓએ સદર દર્દીની તપાસણી કર્યા બાદ એમ.એલ.સી.નં.૩૮૨/૨૦૨૫ થી પોલીસને આપેલ, જે તેમના હસ્તાક્ષરમાં છે. જેમાં તેમની સહી તથા હોદ્દાનો સિકકો છે.જે આ કામે આંક–૩૬ થી રજુ છે. તેઓ આંક–૩૭ થી રજુ આરોપીનો લોહીનો રીપોર્ટ જોઇને આરોપીનું બલ્ડ ગ્રુપ ઓ–પોઝીટીવ છે જે તેમનાં હસ્તાક્ષરોમાં છે, જેમાં તેમની સહી તથા હોદ્દાનો સિક્કો છે, જે તેઓ ઓળખે છે.

(૧૮.૫) આ ડો.સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતાં તેઓએ કબૂલ રાખેલ છે કે, આરોપીને તેમની સમક્ષ પોલીસ યાદી સાથે તપાસણી અર્થે લાવવામાં આવેલા. આ યાદી તેઓએ વાંચેલી હતી.પોલીસ યાદીમાં બનાવ બાબતની હકીકતો દર્શાવેલી હતી. જે હીસ્ટ્રી એમ.એલ.સી.સર્ટિ.માં જણાવેલ છે તે હીસ્ટ્રી આરોપીને વાંચીને સંભળાવેલ હોય તેવો કોઈ શેરો એમ.એલ.સી.માં કરવામાં આવેલ નથી. આરોપીની બંને ઈજા શેનાં કારણે થયેલ તે તેઓ ચોક્કસ કહી શકે નહી. આરોપીનાં સેમ્પલ તેઓએ જાતે લીધેલ હોય તેવું એમ.એલ.સી. માં લખેલ નથી.

(૧૮.૬) આમ, અગાઉ ચર્ચા કર્યા મુજબનો ડોકટર સાહેદનો પુરાવો જોતા તેમણે આોરપીની સારવાર દરમ્યાન આરોપીએ જણાવેલ વિગતો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરનારી છે. પરંતુ આ પુરાવાને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. કારણકે ડોકટર સાહેદનાં પુરાવાને અન્ય કોઇ પુરાવાથી સમર્થન મળેલ નથી.

(૧૯) આ કામે આંક-૩૮ થી ત.ક.અ.પિનલબેન દેવજીભાઇ ચૌધરીને સાહેદ નં.૭ તરીકે તપાસવામાં આવેલ છે, તેમનો પુરાવો તપાસીએ તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૫/૧૦/૨૦૨૫ નાંરોજ તેઓ ખેરગામ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે તેમની ફરજ પર હાજર હતા તે દરમ્યાન ફરીયાદી આનંદાબેન ડો/ઓ ભરતભાઈ ગમનભાઈ નાયકનાઓ તેઓની ફરીયાદ હકીકત લઈ તેમની સમક્ષ આવેલા અને તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ તેઓએ લખી લીધેલ. ત્યારબાદ તે નીચે ફરીયાદીની સહી મેળવેલ અને રૂબરૂ તરીકે તેઓએ તેમની સહી કરેલી. જે ફરીયાદ આ કામે આંક-૧૨ થી રજુ છે, જે તેમનાં રૂબરૂની જ છે. ત્યારબાદ તેઓએ સદર ગુન્હાની નોંધ કરેલી, અને તે આધારે તેઓએ એફ. આઈ.આર.રજીસ્ટરમાં ખેરગામ પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૮૨૨૦૦૪૨૫૦૬૬૩/૨૦૨૫ મુજબનાં ગુન્હાની નોંધ કરી તમો આરોપી વિરુધ્ધ ફરીયાદ નોંધેલ અને ત્યાર બાદ આ ગુનાની તપાસ તેઓએ સંભાળેલ. સદર કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવાનું હોય તેઓએ સરકારી પંચો મેળવવા માટે ડી.જી.વી.સી.એલ.ખેરગામમાં યાદી કરેલી જે યાદી આંક-૩૯ થી રજુ છે. બાદમાં પંચોની હાજરીમાં ભોગબનનાર ગુનાવાળી જગ્યા તેની માતા તથા બે પંચોને સાથે રાખી ગુનાવાળી જગ્યા બતાવતાં તે વાવગામે ક્રિકેટ ગાઉન્ડની બાજુમાં ઝાડીઝાંખરામાં આવેલ તે જગ્યાનું પંચોના લખાવ્યા મુજબનું વિગતવારનું પંચનામું કરેલુ. તેઓ આંક-૧૪ ના પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.

(૧૯.૧) સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, ત્યાર બાદ સાહેદ લક્ષ્મણભાઈનું નિવેદન તેમનાં લખાવ્યા મુજબનું લખી લીધેલું તથા ભોગબનનાર તથા અન્ય સાહેદોના નિવેદન

તેમનાં લખાવ્યા મુજબના તેઓએ લખી લીધેલા. ત્યારબાદ ભોગબનનારે તેની માતાની સાથે આવી બનાવ સમયે પહેરલ કપડાં રજુ કરતાં તેં બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલા. તેઓ આંક–૧૫ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.ત્યારબાદ તમો આરોપી મળી આવતાં પંચો રૂબરૂ શરીર સ્થિતિનું પંચનામું કરેલ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ મોબાઈલ તથા વાહન તથા બનાવ સમયે પહેરેલ કપડાં પંચનામાંની વિગતે તપાસ અર્થે કબજે કરેલા. તેઓ આંક–૧૬ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.

**(૧૯.૨)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, તપાસના કામે તેઓએ ભોગબનનારનું મેડીકલ કરાવવા માટે જરૂરી યાદીઓ રેફરલ હોસ્પીટલ ખેરગામ તથા રેફરલ હોસ્પીટલ ચીખલી તથા સિવિલ હોસ્પીટલ, વલસાડ મુકામે કરાવેલું તથા આરોપીનું મેડીકલ કરાવવા માટે મેડી. ઓફીસર ખેરગામને યાદી કરેલી અને તે મુજબનું મેડીકલ સર્ટીફીકેટો આવી જતાં તપાસના કામે સામેલ રાખેલ.તેઓએ ભોગબનનારની શારીરીક તપાસણી સારૂ મેડી.ઓફીસર રેફરલ હોસ્પીટલ, ખેરગામને યાદી કરેલી તે યાદી આંક–૪૦ થી રજુ છે.ભોગબનનારની તથા તેની માતાની ભોગબનનારનું મેડીકલ કરાવતાં પહેલાં તેમણે તેઓના સંમતિ પત્રકો મેળવેલા. જે અનુક્રમે આંક–૪૧,૪૨ થી રજુ છે. જેમાં તેઓની સહીઓ છે તથા રૂબરૂ તરીકે તેમની સહીઓ છે.

**(૧૯.૩)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે,તેઓ આંક–૨૫ વાળુ ભોગ બનનારનું રેડીયોલોજીસ્ટ ડોકટરે આપેલ સર્ટી. જોઇને જણાવે છે કે જે તેમણે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. તેઓ આંક–૨૯ વાળુ ભોગ બનનારનું એમ.એલ.સી.સર્ટી. ડોકટરે આપેલ સર્ટી. જોઇને જણાવે છે કે જે તેમણે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. તેઓ આંક–૩૬ વાળું આરોપીનું એમ.એલ.સી.સર્ટી. ડોકટરે આપેલ સર્ટી.જોઇને જણાવે છે કે જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે.ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ: ૧૮૩ મુજબનું નિવેદન નોધવતાં પહેલાં ભોગબનનારની તથા ભોગબનનારની માતાના સમંતિ પત્રકો મેળવેલા. જે આ કામે આંક–૪૩ અને આંક–૪૪ થી રજુ છે. તેમાં ભોગબનનારની તથા તેમની માતાની સહી છે તથા રૂબરૂ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે.

**(૧૯.૪)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, ત્યાર બાદ આ કામે ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન નોંધવાનું હોઈ, તેઓએ યાદી કરેલ,જે યાદી આ કામે આંક–૪૫ થી રજુ છે. જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખે છે.ત્યારબાદ આ કામે ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન નામ. કોર્ટ રૂબરૂ હાજર રાખી નોંધવામાં આવેલ તથા ભોગ બનનારને કાઉન્સીલીંગ કરવા માટે બાળ કલ્યાણ

સમિતિ, નવસારી ખાતે મોકલાવેલ. તેનો કાઉન્સીલીંગ રીપોર્ટ આવી જતાં તપાસના કામે સામેલ રાખેલ. ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે તેઓએ તાલુકા વિકાસ અધિકારી, ખેરગામનાઓને યાદી કરેલી. તેઓ આંક–૧૯ વાળી જોઇને તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. આ યાદી મુજબ તાલુકા વિકાસ અધિકારી, ખેરગામનાઓએ ગુનાવાળી જગ્યાનો નકશો પત્ર સાથે તેઓને મોકલી આપેલ જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ. તેઓ આંક–૨૦ વાળો પત્ર તથા નકશો ઓળખી બતાવે છે જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે.

**(૧૯.૫)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે,ભોગબનનારે આરોપી સાથે ટેકસ મેસેજથી જે વાતચીત કરેલ તેનો સ્ક્રીનશોટ પ્રમાણપત્ર સાથે રજુ કરેલ તે તપાસના કામે સામેલ રાખલે. જે આંક–૧૦ વાળું પ્રમાણપત્ર અને સ્ક્રીનશોટ ઓળખી બતાવે છે. સદર કામે એફ.એસ.એલ. અધિકારીશ્રી ઇન્વેવાન નવસારીનાઓને ગુનાવાળી જગ્યાએ પધારી સ્થળ નિરીક્ષણ કરવા અને સર્ટી. આપવા સારૂ યાદી કરેલી. જે યાદી આ કામે આંક–૪૭ થી રજુ છે. તે યાદી મુજબ એફ.એસ.એલ. અધિકારીશ્રી ઇન્વેવાન નવસારીનાઓને ગુનાવાળી જગ્યાએ પધારી સ્થળ નિરીક્ષણ કરેલ અને તેઅંગે સ્થળ પરીક્ષણ અહેવાલ આપેલો જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ. જે આ કામે આંક–૪૮ થી રજુ છે.

**(૧૯.૬)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, સદર કામે કબજે કરેલ મુદામાલ રવાનગી પત્રક ભરૂ એફ.એસ.એલ.સુરત ખાતે પૃથકકરણ માટે મોકલાવેલ. જે આંક–૪૯ થી રજુ છે. સદર કામે મુદ્ધામાલ રવાનગી નોંધવાળો મુદ્ધામાલ એફ.એસ.એલ. ખાતે પહોંચી જતા તેઓ દ્ધારા મુદામાલ મળ્યા અંગેની પહોંચ તેઓ તરફ મોકલી આપેલ, જે આ કામે આંક–૫૦ અને આંક–૫૧ થી રજુ છે.આ કામે કબ્જે લીધેલ મુદ્ધામાલ પૃથ્થકરણ સારુ મોકલેલ,તે પૃથ્થકરણ થયા બાદ પત્ર સાથે બાયોલોજી તથા સીરોલોજીનો અહેવાલ આવેલ, જે પત્ર અને અહેવાલ આ કામે આંક–૫૨ થી રજુ છે. આ કામે કબ્જે લીધેલ મુદામાલ પૃથ્થકરણ સારુ મોકલેલ, તે પૃથ્થકરણ થયા બાદ પત્ર સાથે એકઝામીનેશન રીપોર્ટ તથા કલમ–૬૩(૪)(સી) મુજબનું સર્ટી. હેઝ વેલ્યુ સાથે તથા બંધ કવરમાં પેનડ્રાઇવ આવેલ, જે તમામ આ કામે આંક–૫૩ થી રજુ છે.

**(૧૯.૭)** સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે,આ ગુન્હાના કામે તેઓની તપાસ દરમ્યાન કબ્જે લેવામાં આવેલ મુદામાલ કોર્ટમાં રજુ છે, જે જોઇને તેઓએ સદર મુદામાલ સદર ગુન્હાના કામે કબ્જે લીધેલ તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. આ કામે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ, નિયત સમયમાં નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ તેમજ તમો આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૯.૮)** આરોપી તરફે કરવામાં આવેલ સૂચનોનો ઇન્કાર કરીને ફરીયાદ પક્ષની

હકીકતોને વળગી રહેલ છે. સાહેદનાં પુરાવા મુજબ ફરિયાદીએ તેમજ ભોગબનનારે તેમની રૂબરૂ જણાવેલ ફરીયાદ હકીકત કે નિવેદનને કોર્ટ રૂબરૂનાં પુરાવા દરમ્યાન ફરિયાદી કે ભોગબનનારે સમર્થન આપેલ નથી. સાહેદે તપાસ દરમ્યાન પંચનામાં વિગેરે કરેલ કાર્યવાહી દલીલ ખાતર સાચી માનવામાં આવે તો પણ તેનાથી ફરિયાદપક્ષનાં તહોમતની હકીકતો પુરવાર થતી નથી.

**(૨૦)** આમ, સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ ૦૬ માસ અને ૨૩ દિવસની હતી. આરોપીએ ભોગબનનારને તેની મોપેડ મો.સા.ઉપર બેસાડી ઘરે મુકવા જવાનું કહી જબર જસ્તીથી ઝાડી ઝાંખરામાં એકાંતમાં લઇ જઇ આબરૂ લેવાનાં ઇરાદે જમીન ઉપર નીચે આડી પાડી દઇ પેટ ઉપર બેસી જતા ભોગબનનાર ગભરાઇ જતા બુમાબુમ કરતા તેણીનું મોઢુ દબાવી ગમે તેમ માં બેન સમાણી ગંદી ગાળો આપી ગાલ ઉપર તમાચા મારેલ હોવાનો આક્ષેપ છે. આ પ્રકારનાં કેસોમાં ભોગબનનારનાં નિવેદનને સુરક્ષીત તેમજ ખાનગી રાખવા તેમજ ભોગબનનાર કોઇપણ જાતના ભગ વગર અને સંકોચ વગર પોતે સ્વતંત્ર પુરાવો આપી શકે તે માટે કાયદાનાં વિવિધ પ્રબંધો કરવામાં આવેલ છે. આ કામે ભોગબનારનું નિવેદન માનનીય મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ નોંધવામાં આવેલ હતુ તેમજ તબીબી તપાસ દરમ્યાન બનાવ સબંધીત ભોગબનનારે જણાવેલ વિગતો નોંધવામાં આવેલ હતી. પરંતુ આ કેસમાં પુરાવા દરમ્યાન ભોગબનનાર તેમજ ફરીયાદી તથા ભોગબનારના પિતા દ્વારા તેમનાં પોલીસ સમક્ષનાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદનનોને સમર્થન આપવામાં આવેલ નથી. તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને પી.પી.શ્રીની ઉલટ તપાસ દરમ્યાન પણ મેજીસ્ટ્રેટ રૂબરૂનાં નિવેદન તેમજ સારવાર દરમ્યાન જણાવેલ હકીકતોને સમર્થન આપેલ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષનાં મહત્વનાં કહી શકાય તેવા સાહેદો દ્વારા જ ફરિયાદપક્ષનાં કેસની મુળભુત હકીકતોને નકારવામાં આવેલ છે. આથી ફરિયાદપક્ષનાં આધાર સ્વરૂપ પુરાવાને જ સમર્થન મળેલ નથી.

**(૨૦.૧)** ત.ક.અધિકારી તેમજ તબીબી અધિકારીનાં પુરાવા સહાયક સ્વરૂપનાં ગણાય અને તેવા પુરાવાને સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ જરૂરી ગણાય. પોકસો અધિનિયમની કલમ–૨૯ અને ૩૦ હેઠળ વિરૂધ્ધની અનુમાનની જોગવાઇ થયેલ છે પરંતુ ફરિયાદપક્ષ પોતાનાં કેસની મુળભુત હકીકતોજ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપી વિરૂધ્ધ સદર કલમો મુજબ વિરૂધ્ધનું અનુમાન થઇ શકે નહી. આથી તમામ બાબતો લક્ષમાં લેતાં આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર થતા હોવાની આરોપી તરફેની દલીલમાં તથ્ય જણાય છે.

(૨૦.૨) આ પ્રકારનાં કેસોમાં ભોગબનનાર જયારે પોતાનાં નિવેદનને જ સમર્થન ન આપે ત્યારે કોર્ટની પોતાની મર્યાદા ઉભી થાય છે અને કોર્ટે ભાવનાત્મક પરીબળને અવગણીને રજુ થયેલ પુરાવાની વિશ્વસનીયતાનાં આધારે નિર્ણય લેવાનો રહે છે. જયારે ભોગબનનાર જ હોસ્ટાઇલ જાહેર થાય ત્યારે તેને કારણે ગંભીર પ્રકારનાં કેસોનાં અંતિમ નિર્ણયને અસર થાય છે અને તેનાથી ન્યાય પ્રક્રીયા પ્રભાવિત થાય છે. આમ છતાં કોર્ટે કાયદાની મર્યાદામાં રહીને પોતાનો નિર્ણય આપવાનો રહે છે.

(૨૦.૩) હાલનાં કેસમાં રેકર્ડ ઉપર તબીબી અધિકારી સમક્ષનો પુરાવો ઉપલબ્ધ છે જે આરોપીની સંડોવણીનો નિર્દેશ કરતો પ્રત્યક્ષ પુરાવો છે. આમ છતાં આ પુરાવાને મુખ્ય કહી શકાય તેવા સાહેદ દ્વારા સમર્થન મળેલ ન હોય તેના પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૨૦.૪) તે સંજોગોમાં, ફરિયાદપક્ષ આરોપીએ ભોગબનનારને તેની મોપેડ મો.સા. ઉપર બેસાડી ઘરે મુકવા જવાનું કહી જબર જસ્તીથી ઝાડી ઝાંખરામાં એકાંતમાં લઇ જઇ આબરૂ લેવાનાં ઇરાદે જમીન ઉપર નીચે આડી પાડી દઇ પેટ ઉપર બેસી જતા ભોગબનનાર ગભરાઇ જતા બુમાબુમ કરતા તેણીનું મોઢુ દબાવી ગમે તેમ માં બેન સમાણી ગંદી ગાળો આપી ગાલ ઉપર તમાચા મારી હાલનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઇ મુદ્દા નં.ર નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –::– આખરી હુ ક મ –::–

(૧) આ કામના આરોપી–હેમંતભાઇ સ/ઓ અશોકભાઇ નાનુભાઇ નાયકા પટેલને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૪, ૧૧૫(૨), ૩૫૨ તથા જાતીય ગુના સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની સુધારાની કલમ–૧૨,૧૮ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કેસના સંજોગો જોતા ભોગ બનનારને વળતર આપવા અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(3) સદર ગુના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઇલ ફોન તથા મો.સા. અંગે યોગ્ય માલિકીની ખરાઇ કરી મુળ માલિકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય બીનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીના જામીન તેમજ જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપી વિરૂધ્ધ જો અપીલ થાય તો આરોપીની હાજરી અપીલ કોર્ટ ખાતે સિક્યોર કરવા માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂા.દશ હજાર પુરાના જાત જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૪મી, માહે–જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૨૪/૦૬/૨૦૨૬
નવસારી.

**(ચિન્મય જી.મહેતા)**
સ્પેશ્યલ જજ(પોકસો)
સ્પેશ્યલ પોકસો કોર્ટ,નવસારી.
કોડ નં.GJ00534